શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
~~Rs. 7200/-~~ Rs. 2500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- કીડની તપાસ Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid Profile
- લીવર તપાસ SGPT, SGOT, Bilirubin, ALP, Protein
- સુગર તપાસ (Diabetes) FBS, PPBS, GHB
- ન્યુટ્રીશ્યન તપાસ Vita B12, Vita D3
- થાઈરોઈડ તપાસ T3 T4 TSH
- દાંતની તપાસ
- હૃદયની તપાસ ECG
- છાતીની તપાસ Chest X-Ray
- સંધિવા તપાસ RA Test
- યુરિન ચેકઅપ
- એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)

ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેક્શનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
- DTRT
- ઉપનાહ સ્વેદન
- લેપન
- વેધાગ્નિકર્મ
- પંચકર્મ
- EKLપંચકર્મ
- પટ્ટબંધન
- અગ્નિકર્મ
- ક્ષારકર્મ
- વેધનકર્મ (વિદ્ધકર્મ)

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ એકમ રવિવાર ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૦

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# જંતર-મંતર સૂમસામ, ૭૦૦૦થી વધુની અટકાયત

**મુખ્ય** ચૂંટણી કમિશનર વિરુદ્ધના સીજેપીના વિરોધ પ્રદર્શનને નિષ્ફળ બનાવવા દિલ્હીમાં 30000 સુરક્ષા કર્મચારીઓ ખડકી દેવાયા

**શહેરમાં** ઠેર ઠેર અવરોધો ઉભા કરાયા, અટકાયતોનો દોર ચલાવાયો, ઘરણા સ્થળ જંતર-મંતર સુધી દેખાવકારોને પહોંચવા નહીં દેવાયા, જે થોડાક પહોંચી ગયા તેમની ત્યાંથી અટકાયત કરી લેવાઇ





**નવી દિલ્હી, તા. 10 (PTI):** મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે શનિવારે જંતર મંતર પર યોજાનારા પ્રસ્તાવિત જન આંદોલનને નાકામ બનાવવા માટે સરકારે અભૂતપૂર્વ સુરક્ષા બંદોબસ્ત ગોઠવીને CJP નેતા અભિજીત દીપ્કે, ચાર ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ અને યુટ્યુબર ધ્રુવ રાઠી સહિત ૭,૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી. પ્રદર્શન માટે નિર્ધારિત સ્થળ એવા જંતર મંતર પર આખો દિવસ સન્નાટો છવાયેલો રહ્યો હતો. પ્રદર્શનકારીઓને આ વિસ્તારથી

...અનુસંધાન પાના 11 પર

### અટકાયત કરાયેલાઓને ૨૪ કલાકમાં નહીં છોડાય તો આંદોલનની વાંગચૂકની ચિમકી

સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે જણાવ્યું હતું કે જો અટકાયત કરાયેલા લોકોને ૨૪ કલાકની અંદર છોડવામાં નહીં આવે તો તેઓ લેહ અથવા દિલ્હીમાં ભૂખ હડતાળ અથવા કૂચ સહિતના શાંતિપૂર્ણ આંદોલન શરૂ કરવા અંગે વિચાર કરશે. વાંગચુક અગાઉ NEET પેપર લીક મુદ્દે જંતર મંતર પર યોજાયેલા CJP ના ૩૬ દિવસના આંદોલનમાં જોડાયા હતા.

### પોલીસ પર પથ્થરમારાના બે બનાવો બન્યા

બપોરે આશરે ૧ વાગ્યાના સુમારે, આકાશવાણી ભવન નજીક મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓએ બેરિકેડ્સ કૂદીને સુરક્ષાકર્મીઓ પર પથ્થરમારો કર્યો હતો, જેમાં બે પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા. સુરક્ષાકર્મીઓએ પ્રદર્શનકારીઓની ત્વરિત અટકાયત કરી લીધી હતી. સાંજે કનાટ પ્લેસના હનુમાન મંદિર નજીક પણ આવી જ એક ઘટના બની હતી,

...અનુસંધાન પાના 11 પર

### દીપ્કેને દાદીના અવસાનના સમાચાર મળ્યા

પોલીસે દીપ્કેને મહારાષ્ટ્રમાં તેમના દાદીના અવસાન અંગે માહિતી આપી હતી અને માનવતાના ધોરણે તેમને વતન પહોંચાડવા માટે શક્ય તમામ મદદની ઓફર કરી હતી. પરિવારના સૂત્રોના જણાવ્યા મુજબ, દીપ્કેના પિતૃ પક્ષના દાદી સાવિત્રીબાઈ શંકરરાવ દીપ્કે (ઉંમર ૮૫ વર્ષ)નું શનિવારે સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ લાંબી બીમારી બાદ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના સંતૂક પિંપરી ગામ સ્થિત તેમના ઘરે નિધન થયું હતું.

### ભાજપે વિરોધ પ્રદર્શનને ફ્લોપ શો ગણાવ્યો

વિપક્ષ પર પ્રહારો કરતા ભાજપે કહ્યું કે, શહેરને 'બંધક' બનાવવાનો વિરોધ પ્રદર્શનનો પ્રયાસ 'ફ્લોપ શો' સાબિત થયો છે. ભાજપે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર વિદેશી તાકાતો સાથે મળીને અરાજકતા ફેલાવવાનો આરોપ લગાવતા તેમની સરખામણી ઐતિહાસિક પાત્ર મીર જાફર સાથે કરી હતી. ભાજપના નેતા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે, દિલ્હી

...અનુસંધાન પાના 11 પર

**તા. ૧૦-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.00 મીમી | 1983 મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૩૬.૨૭ ફૂટ | ૬૩૫૮ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૬.૪૦ સે. | ૨૪.૬૦ સે. | ૪૫% |





